ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

વડોદરા-છોટાઉદેપુર

છોટાઉદેપુર નગરપાલિકા પ્રમુખના પતિ સ્ટેટ બેંકના નિવૃત્ત મેનેજરના ફોન પર વિડિયો કોલ કરી માગણી

પાલિકા પ્રમુખના પતિ પાસેથી રૂા. ૨૫ લાખની ખંડણી માગી

વીડિયો કોલમાં પોતાની ઓળખ "અબ્બાસ ખુટવાલા વકીલ" તરીકે આપી પ્રમુખ પદેથી રાજીનામું આપવા દબાણ કર્યું હતું

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.30

છોટાઉદેપુર નગરપાલિકાના પ્રમુખ મંજુલાબેન કોળીના પતિ અને સ્ટેટ બેંકના નિવૃત મેનેજર કિશનભાઈ કચુભાઈ કોળીને ફોન પર વીડિયો કોલ કરી રૂ. ૨૫ લાખની ખંડણી માંગવામાં આવી હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. અને નગરપાલિકા પ્રમુખ પદેથી રાજીનામું અપાવવા અને પરિવાર સહિત સમાજના સરકારી નોકરી કરતા લોકોને નોકરીમાંથી ઘરભેગા કરવાની ધાક-ધમકી આપવા બદલ છોટાઉદેપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવી છે.

ફરિયાદની વિગતો મુજબ, ગત તારીખ ૨૬/૦૬/૨૦૨૬ના રોજ સાંજના આશરે ૦૮:૦૭ વાગ્યે કિશનભાઈ કોળી પોતાના ઘરે હાજર હતા, ત્યારે તેમના મોબાઈલ નંબર પર એક વીડિયો કોલ આવ્યો હતો. સામે પક્ષે વાત કરનાર વ્યક્તિએ પોતા ઓળખ 'અબ્બાસ ખુટવાલા વકીલ' તરીકે આપી હતી. ત્યારબાદ તેણે આ ફોન છોટાઉદેપુરના સ્થાનિક રહેવાસી અસ્ફાક વલીમહમદ મકરાણીને આપ્યો હતો. અસ્ફાકે કિશનભાઈને સીધી ધમકી આપતા જણાવ્યું હતું કે, જો તેઓ

રૂ. ૨૫,૦૦,૦૦૦/- (પચીસ લાખ) નહીં આપે તો તેમના પરિવારને અને આખા સમાજને મોટું નુકસાન પહોંચાડવામાં આવશે. સાથે જ કિશનભાઈના પત્ની મંજુલાબેનને છોટાઉદેપુર નગરપાલિકાના પ્રમુખ પદેથી રાજીનામું આપી દેવા માટે દબાણ કર્યું હોવાનું ફરિયાદમાં જણાવ્યું છે.

આ ઘટનાના આશરે ૨૫ દિવસ પહેલા પણ બે અજાણ્યા ઈસમો ને અસ્ફાક મકરાણીએ મોકલ્યા હોવાનું કહીને ધમકી આપી ગયા હતા. આરોપીઓએ ધમકી આપતા કહ્યું હતું કે, જો ખંડણીની રકમ નહીં મળે તો સમાજના સરકારી નોકરી કરતા આશરે ૧૫૦૦ જેટલા લોકોનું લિસ્ટ બનાવેલું છે. આ તમામ લોકોના જાતિના દાખલાઓની તપાસ કરાવીને તેમને નોકરીમાંથી બરતરફ કરાવી દેવામાં આવશે.

આરોપીઓએ ફરિયાદીના પરિવારને સમાજમાં ક્યાંય મોં બતાવવા લાયક ન રાખવાની ધમકી આપી હતી તેમ ફરિયાદમાં જણાવવામાં આવ્યું છે. ભોગ બનનાર કિશનભાઈ કોળીએ આ સમગ્ર ઘટના અંગેના વોટ્સએપ વીડિયો કોલની હિસ્ટ્રી અને સ્ક્રીનશોટ સહિતના પુરાવા પોલીસને સોંપ્યા છે. પોલીસે અસ્ફાક વલીમહમદ મકરાણી તથા તેની સાથે સંડોવાયેલા અન્ય શખ્સો સામે કાયદેસરનો ગુનો નોંધીને આગળની તપાસ હાથ ધરી છે. નગર પાલિકા પ્રમુખના પતિ દ્વારા ખંડણી ની ફરિયાદ સ્થાનિક રાજકારણ અને પંથકમાં ભારે ચકચાર મચી ગઈ છે.

જબુગામ સહિતના વિસ્તારોમાં અંદાજે 80 ટકા કેળનો પાક બરબાદ

છોટાઉદેપુરમાં વાવાઝોડાથી કેળના પાકને ભારે નુકસાન, ખેડૂતોને લાખોનો ફટકો

અસરગ્રસ્ત ખેડૂતોની સરકાર સમક્ષ તાત્કાલિક સહાય અને વળતરની માંગ

(પ્રતિનિધિ) બોડેલી, તા.30

છોટાઉદેપુર જિલ્લામાં ચોમાસાની શરૂઆત સાથે આવેલા પ્રથમ વરસાદી વાવાઝોડાએ કેળની ખેતી કરતા ખેડૂતોને ભારે આર્થિક ફટકો પહોંચાડ્યો હતો. અનેક વિસ્તારોમાં તૈયાર ઉભેલા કેળના પાકને ભારે નુકસાન થયું હતું. ખાસ કરીને જબુગામ તથા તેની આસપાસના કેટલાક ખેતરોમાં તો અંદાજે 80 ટકા જેટલો પાક

નષ્ટ થઈ ગયા હોવાનું સામે આવ્યું છે.

નુકસાનગ્રસ્ત ખેડૂતોના જણાવ્યા મુજબ, એક ખેડૂતને અંદાજે રૂ. 5 લાખથી 7 લાખ સુધીનું નુકસાન થયું છે. વાવાઝોડાના કારણે કેળના છોડ જમીનદોસ્ત થઈ જતા તૈયાર પાક સંપૂર્ણપણે બરબાદ થયો હતો , જેના કારણે ખેડૂતો ભારે ચિંતામાં મુકાયા છે.આજે આ પાકની તસ્વીર પ્રમાણેની દશા છે.

ખેડૂતોનું કહેવું છે કે ઘટનાને ઘણો સમય વીતી ગયો હોવા છતાં હજુ સુધી સરકાર કે સંબંધિત તંત્ર તરફથી નુકસાનના સર્વે કરાયું છે પરંતુ વળતર અંગે કોઈ સ્પષ્ટ માહિતી આપવામાં આવી નથી. જેના કારણે ખેડૂતોમાં અસંતોષ અને નારાજગી જોવા મળી રહી છે. ખેડૂતોએ રાજ્ય સરકાર અને જિલ્લા વહીવટીતંત્રને તાત્કાલિક નુકસાનનો સર્વે થયેલ અસરગ્રસ્ત ખેડૂતોને યોગ્ય અને વહેલી તકે વળતર ચૂકવવાની માટેની માંગ કરી રહ્યા છે, જેથી તેઓને આર્થિક રાહત મળી શકે. અને બીજા પાક કરવામાં સહાય રૂપ થાય.

સુસ્કાલ પાસે રેતી ભરેલું ટ્રેક્ટર ટ્રાફિક શાખાએ ઝડપી પાડ્યું

જિલ્લામાં ગેરકાયદેસર રેતી ખનન સામે ખાસ ડ્રાઇવ તેજ, ખનીજ માફિયામાં ફફડાટ

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.30

છોટાઉદેપુર જિલ્લામાં ચાલી રહેલા ગેરકાયદેસર રેતી ખનન અને ખનીજ ચોરીને અટકાવવા જિલ્લા કલેક્ટરના માર્ગદર્શન હેઠળ વિશેષ ડ્રાઇવ હાથ ધરવામાં આવી રહી છે. આ અભિયાન અંતર્ગત જિલ્લા ટ્રાફિક પોલીસ દ્વારા રાત્રિ પેટ્રોલિંગ દરમિયાન સુસ્કાલ ગામ નજીક રોયલ્ટી વગર રેતીનું ગેરકાયદેસર પરિવહન કરતું એક ટ્રેક્ટર ઝડપી પાડવામાં આવ્યું હતું.

મળતી માહિતી મુજબ જિલ્લા ટ્રાફિક શાખાની ટીમ રાત્રિના

સમયે નિયમિત પેટ્રોલિંગમાં હતી. તે દરમિયાન સુસ્કાલ નજીક શંકાસ્પદ હાલતમાં ઉભેલા ટ્રેક્ટર-ટ્રોલીની તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન ટ્રોલીમાં રેતી ભરેલી હોવાનું જાણવા મળ્યું હતું. ટ્રેક્ટર ચાલક પાસે રેતીના પરિવહન માટે જરૂરી રોયલ્ટી પાસ અથવા અન્ય માન્ય દસ્તાવેજો ન હોવાથી રેતીનું ગેરકાયદેસર વહન થતું હોવાનું સામે આવ્યું હતું.

જિલ્લા ટ્રાફિક પોલીસ દ્વારા તાત્કાલિક કાર્યવાહી કરી ટ્રેક્ટર-ટ્રોલીને કબજે લેવામાં આવ્યું હતું અને આગળની કાયદેસરની કાર્યવાહી માટે ખાણ અને ખનીજ વિભાગને સુપરત કરવામાં આવ્યું હતું. ખાણ અને ખનીજ વિભાગ દ્વારા નિયમો મુજબ દંડાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે છોટાઉદેપુર જિલ્લામાં લાંબા સમયથી ગેરકાયદેસર રેતી ખનનની પ્રવૃત્તિઓને કારણે અનેક નદીઓમાંથી મોટા પ્રમાણમાં રેતીનું ખનન થઈ રહ્યું છે, જેના કારણે નદીઓનું કુદરતી સંતુલન ખોરવાઈ રહ્યું છે તેમજ પર્યાવરણ પર પણ ગંભીર અસર જોવા મળી રહી છે. આ સ્થિતિને ધ્યાનમાં રાખીને જિલ્લા તંત્ર દ્વારા ગેરકાયદેસર ખનન સામે કડક વલણ અપનાવવામાં આવ્યું છે.

પાદરામાં સંત કબીર સાહેબની ૬૨૮મી કબીર જયંતિ ઉજવાઈ

(પ્રતિનિધિ) પાદરા, તા.30

પાદરા ખાતે ડબગર જ્ઞાતિ પંચ દ્વારા પરમ પૂજ્ય સદગુરુ સંત શ્રી કબીર સાહેબની 628મી કબીર જયંતિ નિમિત્તે ભક્તિભાવપૂર્ણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

પાદરાના ગોવિંદપુરા ડબગરવાડ સ્થિત કબીર મંદિરમાં સમાજના આગેવાનો દ્વારા સંત કબીર સાહેબની આરતી અને પૂજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઊચ્છદ નિવાસી સંત શ્રી ચંદનદાસ સાહેબ સહિત અન્ય સાધુ-સંતોની વિશેષ ઉપસ્થિતિ રહી હતી.

કાર્યક્રમમાં ખંડેરાવપુરાના ભજન મંડળ દ્વારા કબીરવાણી અને ભક્તિમય ભજનોની રજૂઆત કરવામાં આવતા સમગ્ર વાતાવરણ ભક્તિરસથી ઓતપ્રોત બની ગયું હતું.

પાદરા ડબગર સમાજના મોટી સંખ્યામાં જ્ઞાતિજનો તેમજ પાદરા નગરપાલિકાના અગ્રણીઓ પણ ઉપસ્થિત રહી સંત કબીર સાહેબને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

આ સમગ્ર કાર્યક્રમનું આયોજન પાદરા ડબગર જ્ઞાતિ પંચ દ્વારા સર્વ જ્ઞાતિજનોના સાથ, સહકાર અને સક્રિય ભાગીદારીથી સફળતાપૂર્વક સંપન્ન કરવામાં આવ્યું હતું.

ડાઇવર્ઝનમાં ગાબડું પડતાં ભારે વાહનો માટે રૂટ બદલાયો

ભારજ નદીનું ડાઈવર્ઝન બંધ થતાં પાવીજેતપુરમાં ભારે વાહનોનો ધસારો

(પ્રતિનિધિ) પાવીજેતપુર, તા.30

ભારજ નદી પર નવા બ્રિજનું કામ ચાલી રહ્યું છે, પરંતુ ચોમાસા પહેલાં જ બાજુમાં બનાવવામાં આવેલ ડાઈવર્ઝન સામાન્ય વરસાદ પણ ઝીલી શક્યું નહીં. ડાઈવર્ઝનમાં ગાબડું પડતાં તંત્રએ ભારે વાહનોની અવરજવર બંધ કરી દીધી, જેના કારણે સમગ્ર ટ્રાફિક વ્યવસ્થા ખોરવાઈ ગઈ છે.

તંત્ર દ્વારા ભારે વાહનો માટે વનકુટિર ત્રણ રસ્તા-રંગલી ચોકડી અને પાવીજેતપુર-ડુંગરવાટ માર્ગે વૈકલ્પિક રૂટ જાહેર કરવામાં આવ્યો છે. પરંતુ વનકુટિર-રંગલી ચોકડી માર્ગનું કામ આજે પણ અધૂરું હોવાથી વાહનચાલકો પાસે પાવીજેતપુર-ડુંગરવાટ માર્ગ સિવાય કોઈ વિકલ્પ બચ્યો નથી.

પરિણામે પાવીજેતપુર નગરમાં દરરોજ ભારે ટ્રકો અને હાઈવા વાહનોનો ધસારો જોવા મળી રહ્યો છે. મુખ્ય માર્ગો પર વારંવાર ટ્રાફિક જામ સર્જાઈ રહ્યો છે, જ્યારે સામાન્ય વાહનચાલકો, વેપારીઓ, વિદ્યાર્થીઓ અને એમ્બ્યુલન્સ જેવી ઈમરજન્સી સેવાઓ પણ તેની અસર ભોગવી રહી છે.

સ્થાનિકોમાં સવાલ ઉઠી રહ્યા છે કે ચોમાસાની આગાહી હોવા છતાં મજબૂત ડાઈવર્ઝન કેમ બનાવાયું નહીં? વૈકલ્પિક માર્ગ અધૂરો હોવા છતાં ભારે વાહનોને અન્ય રૂટ પર કેમ વાળવામાં આવ્યા? લોકોનો આક્ષેપ છે કે આયોજનના અભાવ અને તંત્રની બેદરકારીનો ભોગ હવે પાવીજેતપુરની જનતા બની રહી છે. સ્થાનિકોએ તાત્કાલિક ટ્રાફિક નિયંત્રણની અસરકારક વ્યવસ્થા ગોઠવવા, વૈકલ્પિક માર્ગનું કામ યુદ્ધના ધોરણે પૂર્ણ કરવા અને ભારજ નદી પરના બ્રિજનું કામ ઝડપથી પૂર્ણ કરવાની માંગ ઉઠાવી છે.

પાદરામાં ૫૪૬થી વધુ વિદ્યાર્થીઓને વિનામૂલ્યે શૈક્ષણિક કીટનું વિતરણ

(પ્રતિનિધિ) પાદરા, તા.30

પાદરા ખાતે સામાજિક ઉત્તરદાયિત્વ અને શિક્ષણ ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી કરી રહેલા ભાવિન પાટણવાડિયા ફાઉન્ડેશન દ્વારા સતત આઠમા વર્ષે જરૂરિયાતમંદ અને આર્થિક રીતે નબળા વર્ગના વિદ્યાર્થીઓ માટે વિનામૂલ્યે શૈક્ષણિક કીટ વિતરણનો ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો. પાદરાના પ્રમુખસ્વામી ટાઉન હોલ ખાતે આયોજિત આ કાર્યક્રમમાં તાલુકાના વિવિધ વિસ્તારોમાંથી આવેલા 546થી વધુ વિદ્યાર્થીઓને ચોપડા, પેન, પેન્સિલ સહિતની હજારો સ્ટેશનરી સામગ્રીનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ડી.એસ.પી. મનોજ કે. સ્વામી

ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત પાદરા બાર એસોસિએશનના પ્રમુખ દીપકભાઈ પ્રજાપતિ, પાદરા એ.પી.એમ.સી.ના ડિરેક્ટર અને સ્માર્ટ ઇન્સ્યોરન્સના સંચાલક અલ્પેશભાઈ પટેલ, પાદરા નગરપાલિકાના માજી પ્રમુખ પરેશભાઈ ગાંધી સહિત અનેક રાજકીય, સામાજિક અને અગ્રણી મહાનુભાવો હાજર રહ્યા હતા. ઉપસ્થિત મહાનુભાવોને ફાઉન્ડેશનના સભ્યો દ્વારા ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.

ગાંધીનગરમાં IITEના નવા ભવન અને આધુનિક હોસ્ટેલનું ભૂમિપૂજન

ગાંધીનગરઃ ગાંધીનગર ખાતે આવેલી ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટીચર્સ એજ્યુકેશન (IITE) માટે રૂ. 127 કરોડના ખર્ચે નવા એકેડેમિક ભવન અને આધુનિક હોસ્ટેલનું નિર્માણ કરવામાં આવશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પ્રોજેક્ટનું ભૂમિપૂજન કર્યું હતું. નવા કેમ્પસમાં એકેડેમિક બિલ્ડિંગ, આધુનિક વિજ્ઞાન પ્રયોગશાળાઓ, સેમિનાર હોલ, સ્ટેટ-ઓફ-ધ-આર્ટ લાઇબ્રેરી, મ્યુઝિયમ, રમત-ગમતની સુવિધાઓ તેમજ 600થી વધુ વિદ્યાર્થીઓ માટે આધુનિક સુવિધાસભર હોસ્ટેલનું નિર્માણ કરવામાં આવશે. આ પ્રસંગે શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજાએ જણાવ્યું હતું કે, આ માત્ર નવા ભવનનું નિર્માણ નહીં પરંતુ દેશને ઉત્તમ અને વિશ્વકક્ષાના શિક્ષકો આપવાના નવા યુગની શરૂઆત છે.

શિનોરના માંડવા ખાતે લોકાર્પણના અભાવે નવી પ્રાથમિક શાળા બંધ

રૂ. 40 લાખનું મકાન તૈયાર છતાં દરવાજે તાળું, લોકાર્પણની રાહ

(પ્રતિનિધિ) શિનોર, તા.30

શિનોર તાલુકાના માંડવા ગામે સમગ્ર શિક્ષા અભિયાન અંતર્ગત અંદાજિત રૂ. 40 લાખના ખર્ચે નવી પ્રાથમિક શાળાનું મકાન તૈયાર થઈ ગયું હોવા છતાં હજુ સુધી તેનું વિધિવત લોકાર્પણ કરવામાં આવ્યું નથી. પરિણામે વિદ્યાર્થીઓ આજે પણ નવી શાળાના મકાનમાં અભ્યાસ કરી શકતા નથી.

મળતી માહિતી મુજબ, તા. 25 જૂન, 2026ના રોજ શાળા પ્રવેશોત્સવના અંતિમ દિવસે કરજણના ધારાસભ્ય અક્ષય પટેલના હસ્તે નવી શાળાનું લોકાર્પણ થવાનું હતું. તે માટે

શિક્ષણ તંત્ર દ્વારા તમામ તૈયારીઓ પૂર્ણ કરવામાં આવી હતી અને વિદ્યાર્થીઓમાં પણ નવી શાળામાં બેસીને અભ્યાસ કરવાની ઉત્સુકતા જોવા મળી હતી. જોકે, તે દિવસે પ્રદેશ પ્રમુખના વડોદરા આગમનને કારણે ધારાસભ્યને અન્ય કાર્યક્રમમાં હાજરી આપવાની હોવાથી લોકાર્પણ કાર્યક્રમ યોજાઈ શક્યો નહોતો. ત્યારથી આજદિન સુધી શાળાના મુખ્ય દરવાજા પર તાળું મારેલું છે અને વિદ્યાર્થીઓને નવામકાન એક રૂમમાં જ અભ્યાસ કરવો પડી રહ્યો છે.

પ્રેમ સંબંધના કારણે મનમાં લાગી આવતા યુવકે ઝેરી દવા પીતા સારવાર દરમિયાન મોત

પાદરા : પાદરા તાલુકાના રણું ગામ નજીક ઈપ્કા કંપની પાસે આવેલા નર્મદા કેનાલ વિસ્તારમાં એક યુવકે પ્રેમ સંબંધને લઈને માનસિક તણાવમાં આવી ઝેરી દવા પી લેતા તેનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હોવાનું જાણવા મળ્યું છે. મૃતક અમિતકુમાર અરવિંદસિંહ પરમાર (ઉ.વ.૨૩), હાલ રહે. વાલીપુરા ગામ, તા. પાદરા અને મૂળ જનકપુરી મહુવડ ગામના રહેવાસી હતા. પ્રાથમિક માહિતી અનુસાર, મૃતકને માળી સમાજની એક યુવતી સાથે પ્રેમ સંબંધ હતો અને બંને લગ્ન કરવા ઇચ્છતા હતા. પરંતુ સમાજ દ્વારા આ લગ્ન સ્વીકારવામાં નહીં આવે તેવી ચિંતાને કારણે તેઓ છેલ્લા કેટલાક સમયથી માનસિક વ્યથામાં હતા.

કવાંટ ભાજપની બેઠકમાં નવનિયુક્ત હોદ્દેદારોનું સન્માન

(પ્રતિનિધિ) કવાંટ, તા.30

આજરોજ કવાંટ સર્કિટ હાઉસ ખાતે કવાંટ ભારતીય જનતા પાર્ટી ની મીટીંગ કેવડિયા ખાતે યોજાનારા શિબિર સંદર્ભે કવાંટ મંડળના હોદ્દેદારો મોરચાના પ્રમુખ મહામંત્રી તેમજ શક્તિ કેન્દ્રના ઈન્ચાર્જ ની મીટીંગ યોજાઈ હતી જેમાં કેવડિયા ખાતે શિબિરમાં આયોજન અંગે ચર્ચા કરવામાં આવી અને કવાંટ મંડળના નવનિયુક્ત હોદ્દેદારો તેમજ મોરચાના પ્રમુખ મંત્રીઓનું કવાંટ ભાજપ મંડળના પ્રમુખ સંજયભાઈ રાઠવા મહામંત્રી રવિસભાઈ મહામંત્રી ભરતભાઈ દ્વારા તેઓનું શુભેચ્છા ખેસ પહેરાવીને કરવામાં આવી તાલુકા ભાજપ સંગઠન ઉપપ્રમુખ તરીકે પંચાલ ભાવેશકુમાર

ગોવિંદભાઈ, અર્જુનભાઈ વરસનભાઈ રાઠવા, જીવનભાઈ રાઠવા, અનિતાબેન બુધિયાભાઈ ભીલ તેમજ મંત્રી તરીકે રાઠવા ભાઈલાલ ધણસિંગ,પટેલ કરણ યજ્ઞેશભાઈ, સોનેરા ભાવનાબેન યોગેશભાઈ, મહામંત્રી ભીલ રસુલભાઈ, મહામંત્રી યોગેશભાઈ તથા રાહુલભાઈ એસી મોરચા પ્રમુખ વણકર જીતેન્દ્રભાઈ તથા મહામંત્રી વણકર હિતેશભાઈ તમામનું સ્વાગત ખેસ પહેરાવીને કરવામાં આવ્યું.

ગામની પાણીની ટાંકીમાંથી પાણી ભરી આગ પર કાબૂ મેળવાયો

બોડેલી તાલુકાના પાટણા ગામે ચોમાસામાં ભીષણ આગ, ત્રણ મકાનો બળીને ખાક

ફાયર ટીમ પહોંચી પણ ટેન્કર ખાલી હોવાથી બચાવ કામગીરી ધીમી પડી

(પ્રતિનિધિ) બોડેલી, તા.30

બોડેલી તાલુકાના પાટણા ગામે અચાનક ભીષણ આગ લાગતાં ત્રણ મકાનો બળીને ખાખ થઈ ગયા હતા. આગ એટલી વિકરાળ હતી કે ઘરમાં રહેલો ઘરવખરીનો સામાન તેમજ ઘાસચારો સંપૂર્ણપણે સ્વાહા થઈ ગયો હતો. ઘટનાને પગલે અસરગ્રસ્ત પરિવારો પર આભ તૂટી પડ્યું છે.

જોકે એક જ ફાયર ફાઇટરના સહારે આગ પર કાબૂ મેળવવાની કામગીરી હાથ ધરવામાં

આવી હતી. ગામની પાણીની ટાંકીમાંથી સતત પાણી ભરી આગ બુઝાવવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા. સમગ્ર ઘટનામાં ફાયર ફાઈટર ની ટીમ આવી ખરી પણ ટેન્કર ખાલી હોવાથી ટેન્કર ભરવા જતા મોડું વધુ પડતો સમયનો બગાડ થયો હોવાની વાતો સામે આવી રહી છે સ્થાનિક ગ્રામજનો પણ મોટી સંખ્યામાં બચાવ કામગીરીમાં જોડાયા હતા અને ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવવામાં સફળતા મળી હતી. આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ જાણવા મળ્યું નથી. ઘટનામાં લાખો રૂપિયાનું નુકસાન થયાની પ્રાથમિક માહિતી સામે આવી છે.

બોડેલી કબ્રસ્તાનના વિકાસ માટે સામાજિક કાર્યકરોની બેઠક

(પ્રતિનિધિ) બોડેલી, તા.30

બોડેલી શહેરના સામાજિક કાર્યકર બરકતુલ્લાહ ખત્રીના નિવાસસ્થાને બોડેલી કબ્રસ્તાનમાં જરૂરી સુવિધાઓના વિકાસ અને આધુનિક સુવિધાઓ ઊભી કરવા અંગે મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. બેઠકમાં કબ્રસ્તાનની હાલની સ્થિતિનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું તેમજ ભવિષ્યમાં વિવિધ સુવિધાઓ ઊભી કરીને કબ્રસ્તાનને વધુ સુવ્યવસ્થિત અને સુવિધાસભર બનાવવાના મુદ્દે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

બેઠક દરમિયાન ઉપસ્થિત કાર્યકરો અને આગેવાનોએ જણાવ્યું હતું કે કબ્રસ્તાનમાં આવનારા લોકો માટે મૂળભૂત સુવિધાઓ ઉપલબ્ધ હોવી અત્યંત જરૂરી છે. ખાસ કરીને વીજળીકરણ, પદયાત્રીઓ માટે

યોગ્ય માર્ગ (પેડિસ્ટ્રિયન વોક-વે), વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા, સ્વચ્છતા, લાઇટિંગ સહિત અન્ય જરૂરી સુવિધાઓ વિકસાવવા અંગે ગંભીરતાપૂર્વક વિચારણા કરવામાં આવી હતી. સાથે જ આગામી સમયમાં તબક્કાવાર રીતે વિવિધ વિકાસ કાર્યો હાથ ધરવા માટે સહયોગથી આયોજન કરવાની પણ સહમતી વ્યક્ત કરવામાં આવી હતી.

આ બેઠકમાં કબ્રસ્તાન કમિટીના કાદરભાઈ બટેરી, ફજલ બત્તી, સાગિલ શેઠ ખત્રી (ટીન કોર્નર), મહેબૂબ વાસણવાળા સહિત સમાજના અનેક આગેવાનો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

બે સગીર સહિત ચાર શખ્સોને ઝબ્બે કર્યા અન્ય ત્રણ ફરાર

વાઘોડિયામાં SMSનો દરોડો, ૩.૫.૫૪ લાખનો વિદેશી દારૂ સાથે મુદ્દામાલ જપ્ત

(પ્રતિનિધિ) વાઘોડિયા, તા.30

વાઘોડિયા વહેલી સવારે મોટી માણેકપુર પાસેની નર્મદા કેનાલ બ્રિજ પાસેથી સ્ટેટ મોનિટરિંગ સેલે બાતમી ના આધારે છોટાઉદેપુરથી કેટલાક ઈસમો ટુ-વ્હીલર અને ફોર-વ્હીલરમાં વિદેશી દારૂનો જથ્થો લઈ નર્મદા કેનાલના રસ્તે વડોદરા-પંચમહાલ તરફ પસાર થતા હતા તે દરમ્યાન મોટી માણેકપુર મીની બ્રિજ પાસે નર્મદા કેનાલના રોડ પર વોચ ગોઠવી મધ્યપ્રદેશથી બોડેલી મુખ્ય કેનાલ માર્ગે લવાતા દારૂના નેટવર્કનો સ્ટેટ વિજિલન્સે પર્દાફાશ કર્યો હતો. ટીમે ચાર વાહનો કબજે કરી બે સગીર સહિત ચાર શખ્સોને ઝબ્બે કર્યા છે જ્યારે અન્ય ત્રણ ફરાર જાહેર

કરાયા છે. દારૂનો જથ્થો લઈને આવેલા ત્રણ મોપેડો તેમજ એક ઈકો કારને ઝડપી પાડી હતી.

પોલીસે બે સગીર વાહન ચાલકો અને જયેન્દ્રસિંહ રમેશસિંહ ગોહિલ (26) (રહે.બાકરોલ, જિ. પંચમહાલ) તેમજ પ્રેમકુમાર રાજેન્દ્ર ભાલીયા (20) (રહે. ઘંટિયાળ, તા.સાવલી)ને ઝડપી પાડ્યા હતાં. તેઓની પાસેથી પોલીસે રૂા.2.29 લાખ કિંમતની 1373 નંગ દારૂ, બીયરની બોટલો તેમજ ચાર વાહનો મળી કુલ રૂા.5.54 લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસને જોઈને ભાગી જનાર જયદીપ કમલેશ રાઠવા (રહે.દેગલા, તા. પાવીજેતપુર) તેમજ દારૂનો જથ્થો ભરી આપનાર બકો શેઠ (રહે. ઝુડુલી, તા. જાંબુઆ) સહિત ત્રણને ફરાર જાહેર કરાયા છે. આ રેડ દરમિયાન કાયદાના સંઘર્ષમાં આવેલ બે સગીર પણ ઝડપાયા હતા. આ અંગે વાઘોડિયા પોલીસ મથકે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.